જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૨/૧૦/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ
પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૯૩૧/૧૬

## લુંટ, ઘરફોડ તથા ચોરીના ગુનામાં પકડાયેલ રીઢા ગુનેગારને બે મોટરસાઇકલ ના મુદ્દામાલ સાથે પકડી વણ શોધાયેલ ગુનાને શોધી કાઢતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. ટીમના અધિકારીશ્રીઓની ટીમો પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન વટવા ચુનારા વાસ એસ.આર.પી. તંબુ પાસે આવતાં હેડ કોન્સ. રાજેન્દ્ર હીરાલાલ તથા હે.કો. નારસિંહ રામસિંહ નાઓની બાતમી હકીક્ત આધારે આરોપી સાબીર ઉસ્માનગની રંગરેજ ઉવ.૪૫ ધંધોઃ મજુરી રહે, મોટો ચુનારાવાસ, એસ.આર.પી. તંબુ ચોકી પાસે, વટવા ગામ, અમદાવાદ તથા જહાંગીરનગર, આમીના મસ્જીદ પાસે, સૈયદવાડી, વટવા, અમદાવાદ શહેર ને બે મોટર સાઇકલ સાથે ઝડપી લેવામાં આવેલ. જેની પાસે મોટરસાઇકલ બાબતેના પુરાવા માંગતા ગલ્લાં તલ્લાં કરતો હોય સદરી હોન્ડા સ્પ્લેન્ડર એન.એક્સ.જી. ની કિ.રૂ.૨૦,૦૦૦/- તથા હીરો સ્પ્લેન્ડર પ્રો ની કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદર આરોપીને તા.૨૨/૧૦/૨૦૧૬ ના રોજ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ. સદરી આરોપીને વિશ્વાસમાં લઇ સદર મો.સા. બાબતે પુછપરછ કરતાં વટવા વિસ્તારમાંથી ચોરી કરેલાની હકીકત જણાવતાં વટવા પોલીસ સ્ટેશન ખાતે ખાતરી તપાસ કરાવતાં (૧) હીરો હોન્ડા સ્પ્લેન્ડર એન.એક્સ.જી. લાલ પટ્ટાવાળી મો.સા. આર.ટી.ઓ. નંબર જી.જે.૧૮.એ.ઇ.૫૦૧૮ બાબતે વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૨૭/૧૬ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો તથા (૨) હીરો સ્પ્લેન્ડર પ્રો સીલ્વર કલરની મો.સા. આર.ટી.ઓ. નંબર જી.જે.૨૭.એ.સી.૧૪૧૨ બાબતે વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૨૮/૧૬ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુના નોંધાયેલ હોય આગળની તપાસ અર્થે વટવા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

આ આરોપી અગાઉ સને ૨૦૦૦ ની સાલમાં પાંચ કીલો ચાંદીની લુંટ માં કાગડાપીઠ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૪૯/૨૦૦૦ ઇપીકો કલમ ૩૯૪, ૫૦૬, ૩૨૪, ૧૧૪ મુજબના ગુનામાં પકડાયેલ છે તેમજ બીજા ૧૭ જેટલા ગુનાઓમાં પકડાયેલ છે જેમાં વાહનચોરી તથા ગેસના બાટલા ચોરીના ૧૩ જેટલા ગુના તેમજ લુંટના ત્રણ ગુનામાં તેમજ એક ઘરફોડ ના ગુનામાં વટવા, કાગડાપીઠ, રામોલ, ગાયકવાડ હવેલી, મણીનગર પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે તેમજ સદર આરોપી સુરત જેલ તથા રાજકોટ જેલ ખાતે પાસા ભોગવી આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)